ક્રમાંક : અ/જમન/૧૪/૨૬૯૬-૯૭/૨૦૧૭-૧૮,

મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વલસાડ વન વર્તુળ,"વનભવન",
ફોન નં.૦૨૬૩૨-૨૪૦૧૧૦,
ફેક્ષ નં.૦૨૬૩૨-૨૪૩૨૮૩,
ઈમેલ-ccfvalsad16@gmail.com
વલસાડ,તા.૧૩/૧૨/૨૦૧૭.

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન,
ગુજરાત રાજય,ગાંધીનગર.

**વિષય:– Diversion of 0.998 ha Reserved Forest land for Environment Rejuvenation of Tithal sea front in valsad District in favour of Superintending Engineer, Damanganga Project Circle, Valsad.**

**સંદર્ભ:**–(૧) ભારત સરકારશ્રીના પત્રાંક: ૬–જીજેબી૦૧૭/૨૦૧૭–બીએચઓ/૩૫૧,તા.૦૭/૦૬/૨૦૧૭.

Flag - ll

(૨) આપશ્રીની કચેરીના પત્રાંક: એફસીએ/૨૯/બ/૧૫૨૧–૨૨,તા.૨૯/૦૬/૨૦૧૭.

સાદર ઉપરોકત વિષયે સંદર્ભનાં પત્રો અનુસંધાને જણાવવાનું કે, અધિક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ,વલસાડ તરફથી અત્રેના વર્તુળ હેઠળના વલસાડ ઉત્તર વન વિભાગના કાર્ય વિસ્તારના મોજે: તિથલ દરિયા કિનારે ઈકો ટુરીઝમ હેઠળ કરવાની થતી કામગીરી માટે વન સંરક્ષણ ધારા–૧૯૮૦ હેઠળની દરખાસ્ત આપને સાદર કરવામાં આવેલ હતી પરંતુ તેમાં અધુરાશ હોય, સંદર્ભના પત્રથી અત્રે પૂર્તતા કરવા પરત કરવામાં આવેલ, જેની નીચે મુજબ પૂર્તતા યુઝર એજન્સી પાસેથી મેળવી, જે ચાર નકલોમાં સાદર કરવામાં આવે છે. જે વિદિત થાય.

**મુદ્દા નં.૧** નિયત નમુનામાં એફઆરએ સર્ટીફિકેટ આ સાથે સામેલ છે જે વેબ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલ છે.

**મુદ્દા નં.૨** વપરાશ હેઠળની જમીનનો જીઓ રેફરન્સ મેપ તૈયાર કરી વેબ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. જે મેપની નકલ આ સાથે સામેલ છે.

**મુદ્દા નં.૩** દરખાસ્તના નામનો અમલ પાર્ટ–૩ માં કરવામાં આવેલ છે.

**મુદ્દા નં.૪** સદરહું રીઝુવેશન ઓફ તિથલ સી ફ્રન્ટ માટે યુઝર એજન્સી તરફથી અન્ય કોઈ દરખાસ્તની પરવાનગી અર્થે સાદર કરવામાં આવેલ નથી.

**મુદ્દા નં.૫** યુઝર એજન્સી દ્વારા જણાવ્યા મુજબ ઉપરોકત પ્રવાસનના વિકાસ અર્થેની મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ દરખાસ્ત બાબતે કરવાની થતી કામગીરી અંગે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પ્રાધાન્ય આપવામાં આવેલ હોય મંજુરીની અપેક્ષાએ કામગીરી કરવામાં આવેલ છે. દરખાસ્ત ... નિયમોનુસાર જે કાર્યવાહી કરવાની

થતી હશે. તે યુઝર એજન્સી દ્વારા કરવા સંમતિ આપવામાં આવેલ છે. તેમજ યુઝર એજન્સી દ્વારા મંજુરી અર્થે દરખાસ્ત સાદર કર્યા બાદ કામગીરી કરેલાનું ધ્યાન ઉપર આવતા લગત સ્ટાફ દ્વારા ગુનો બુક કરવામાં આવેલ છે.જેની નકલ સાથે સામેલ છે.

**મુદ્દા નં.૬** યુઝર એજન્સી દ્વારા અગાઉ પ્રોટેકશન વોલ બનાવવા માટે સીઆરઝેડ કલીયરન્સ મેળવવામાં આવેલ છે.જે યુઝર એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ છે.જેની નકલ આ સાથે સામેલ છે.

વધુમાં જણાવવાનું કે, ઉપરોકત દરખાસ્તવાળી જગ્યામાં યુઝર એજન્સી દ્વારા સરકારશ્રીની મંજુરી વગર કામગીરી કરવા નિયમોનુંસાર દંડાત્મક વળતર વનીકરણની યોજના તૈયાર કરી આ સાથે ચાર નકલમાં સામેલ રાખી સાદર કરવામાં આવેલ છે. જે વિદિત થાય.

**મુખ્ય વન સંરક્ષક**
વલસાડ વન વર્તુળ
વલસાડ

**બિડાણઃ**– ચાર નકલોમાં.

**નકલ રવાનાઃ**– નાયબ વન સંરક્ષકશ્રી વલસાડ ઉત્તર વન વિભાગ, વલસાડ તરફ તેમની કચેરીના પત્રાંકઃ અ/જમન/સર્વે/ટે.૧૩/૧૬૮૩,તા.૦૬/૧૨/૨૦૧૭ અન્વયે જાણ સારૂ.